નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/ ૩૨
જીઆઈડીસી,વડી કચેરી,ગાંધીનગર
તા- ૨૯/૧૨/૨૦૧૮

**// સ્પષ્ટતા //**

વિષય :- નિગમની વિવિધ વસાહતોમાં ફાળવવામાં આવેલ ઔધોગિક પ્લોટ/શેડના પેટાવિભાજનની નીતિમાં સ્પષ્ટતા થવા બાબત.

સંદર્ભ :- (૧) નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ ઓએન્ડએમ/ સીઆઈઆર/ વિતરણ/ પોલીસી/૧(૧૦)/ ૪૩, તા.૦૩.૧૦.૨૦૧૨

(૨) નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ ઓએન્ડએમ/ સીઆઈઆર/ વિતરણ/ પોલીસી/ ૪૪ તા.૦૮.૦૬.૨૦૧૬

(૩) નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ ઓએન્ડએમ/ સીઆઈઆર/ વિતરણ/ પોલીસી/ ૭૧ તા.૧૮.૦૨.૨૦૧૭

(૪) નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ ઓએન્ડએમ/ સીઆઈઆર/ વિતરણ/ પોલીસી/ માર્ગદર્શિકા/ ૦૬ તા.૨૧.૦૨.૨૦૧૮

નિગમ દ્વારા પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૧૦)/૪૩, તા.૦૩.૧૦.૧૨ થી ઔધોગિક/વાણિજ્ય/રહેણાંક મિલકતોના પેટાવિભાજનની નીતિ અમલમાં મુકવામાં આવેલ. ત્યારબાદ નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૪૪ તા.૦૮.૦૬.૧૬ થી ઔધોગિક મિલકતો માટે પેટાવિભાજનની અલાયદી નીતિ અમલમાં મુકવામાં આવેલ છે. જ્યારે વાણિજ્ય/રહેણાંક મિલકતો માટે તા.૦૩.૧૦.૧૨ની નીતિ યથાવત રાખવામાં આવેલ છે. સદર પરિપત્રોમાં અપવાદરૂપ કિસ્સાઓમાં પેટાવિભાજન થયા બાદ તબદીલીના કિસ્સામાં અગાઉ થયેલ પેટાવિભાજન અંગેની પેટાવિભાજન ફી વસૂલ લેવી કે કેમ? તેની સ્પષ્ટતા જણાતી નથી. જેથી નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

ઉપરોક્ત પરિપત્રોમાં દર્શાવેલ અપવાદરૂપ કિસ્સાઓમાં પેટાવિભાજન થયા બાદ પ્રથમ વખતના અનૌપચારિક તબદીલીના કિસ્સામાં પ્લોટના વિસ્તાર જેટલી પ્રો-રેટા બેઝીસ પર પેટાવિભાજન ફી વસુલ લેવાની રહેશે.

જે કિસ્સાઓમાં નિર્ણય લેવાઈ ગયેલ હોય તથા પેટા વિભાજન ફી ભરપાઈ થઈ ગયેલ હોય તેવા કિસ્સાઓ પુનઃ ખોલવાના રહેશે નહીં.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોચ મેનેજર (પોસ્ટ-વિતરણ)ને પાઠવવી.

**સહી/-**
**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**
**જીઆઈડીસી, ગાંધીનગર**

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**<u>નકલ જયભારત સહ રવાના:-</u>**

૧. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈંડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારું.

૨. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારું.

૩. જનરલ મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી,ગાંધીનગર...... તરફ નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારું.

રવાના કર્યું,

**કાર્યપાલક નિયામક (ઈ એન્ડ એ)**